સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

રેલી કાઢો, જમણ કરો, સન્માનનો રોષ નથી!
ધ્વજવંદનના ધજાગરાથી ય સંતોષ નથી!
માત્ર ભાવિકોને જ નડે છે 'કોરોના' મંદિરોમાં -
'અમે તો સત્તાધીશો',સમર્થને કોઈ દોષ નથી?!
(C-ચીફ, R-રક્ષકને કોણ કહે - તમારું મોઢું ગંધાય)

હાઈકુ

રંક પ્રજાને -
ડરાવી - ધમકાવી -
રાખો ધાકમાં...

ક્રોધ કરીને -
ઉગામો શસ્ત્ર બુઠ્ઠું -
આંકડાઓનું...

ચિંતન

વિપ્રો વૃક્ષસ્તસ્ય મૂલં ન સન્ધ્યા વેદાઃ શાખા ધર્મકર્ણાસિ પત્રમ્ ।
તસ્માન્મુલં યત્નતો રક્ષણીયં છિન્ને મૂલે નૈવ શાખા ન પત્રમ્ ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

બ્રાહ્મણ એક વૃક્ષ સમાન છે અર્થાત પ્રભુની ઉપાસના અને આરાધના એ બ્રાહ્મરુપી વૃક્ષની જડો છે. વેદ એ વૃક્ષની શાખાઓ છે. ધર્મ કર્મ તેના પાંદડા છે, માટે યત્ન પૂર્વક તે જડની રક્ષા કરવી જોઈએ કારણ જડ નષ્ટ થવાથી શાખાઓ અને પાંદડા નષ્ટ થાય છે.

બ્રાહ્મણ પ્રભુની પૂજા અને ઉપાસના કરે છે. પૂજા તેના જીવનનો આધાર છે. સારા કાર્યએ બ્રાહ્મણરુપી વૃક્ષના પાંદડા છે. આ વૃક્ષની શાખાઓ તેનું જ્ઞાન છે. જડ નષ્ટ થવાથી વૃક્ષ નષ્ટ થાય છે.

સુવિચાર

- પરિસ્થિતિ કેવી હશે એ ભલે આપણા હાથમાં ના હોય, પણ પરિસ્થિતિ સામે કેમ લડવું એ આપણા હાથમાં છે - **જન્મભૂમિ**
- ફરી શરૂઆતમાં ક્યારેય ગભરાવું નહીં કારણ કે હવે શરુઆત શૂન્યથી નહિં અનુભવથી થશે - **એસ. ભટ્ટાચાર્ય**
- ચહેરા પરનું સ્મિત ક્યારેક સંતોષનું હોય છે તો ક્યારેક સહનશક્તિનું પણ હોય છે - **જયશ્રી મહેતા**
- સફળ વ્યક્તિની ચમકથી જ લોકોને મતલબ હોય છે, તેણે કેટલા અંધારા જોયા એ કોઈ નથી જાણવા માંગતુ - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આપણા કાર્ય સિવાય આપણી હસ્તરેખા ને કોઈ ઉકેલી શકતું નથી - **ડો. સર્વેશ વોરા**
- માનવ 'સ્થિર' થવા દોડે છે, આમ એ 'ગતિ'ના નિયમને તોડે છે : **હીના ફુલાલ**
- આજનું ઔષધ : કાકડીના રસમાં અજમો પીસી ચહેરા પર દસ મીનીટ લગાડી સાદા પાણીથી ધોઈ નાખવાથી ચહેરામાં નિખાર આવે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કાશી નરેશ ખુદ એકવકત કબીરની ઝૂંપડીમાં પધાર્યા. અને એમને ભેટમાં સોનાના સિક્કાની પોટલી ભેટમાં મૂકી. કબીરે કહ્યું, મહારાજ, હું કોઈની ભેટ લેતો. મારે એનું શું કામ ? મારે વળી એનો ઉપયોગ પણ શું કરવો ?કાશી નરેશ પોટલી લઈ નીકળ્યા. બીજે દિવસે કાશી નરેશ અને મંત્રી કબીરના પુત્ર કમાલની ઝૂંપડીએ ગયા. કમાલ ખાટલામાં બેઠા હતા. રાજવીએ તેમને સોનાની પોટલી ભેટ ધરી. કમાલે પૂછ્યું, 'શું છે ?' કાશી નરેશે કહ્યું, 'સોનાની મુદ્રા છે.' કમાલ કહે 'ઝૂંપડીમાં પેલી તાંબાની દાબડીમાં મૂકી દો.' કાશી નરેશ અને મંત્રી ત્યાંથી વિદાય થયા. સાતેક દિવસ પછી કમાલની કસોટી કરવા તેઓ ફરી આવ્યા. મંત્રીએ કમાલને કહ્યું, 'સાત દિવસ પહેલા અમે તમને સોનાની મુદ્રા આપી હતી તેમાં કેટલીક પિત્તળની મુદ્રાઓ પણ આવી ગઈ હતી. તો એ મુદ્રા અમને પરત આપો તો એ ખોટી મુદ્રાની જગ્યાએ અમે સાચા સોનાની મુદ્રા મુકી દઈએ.' કમાલે ખાટલામાં બેઠા બેઠા કહ્યું, 'નામદાર તમે પેલી તાંબાની દાબડીમાં મૂકીને ગયા હતા. ત્યાં જ પડી છે.' કાશી નરેશ અને મંત્રી કમાલનાં ચરણોમાં પડ્યા. એમને ખ્યાલ આવ્યો કે કબીર 'બહારથી છોડી શક્યા છે અને અંદરથી છોડી શક્યા છે જયારે કમાલ બહારથી નથી છોડી શક્યા પણ અંદરથી પૂર્ણ રીતે છોડી શક્યા છે.'

...તો જ કોંગ્રેસ બચી શકશે

તંત્રીસ્થાનેથી...

વર્ષોથી એક જ ઘરેડમાં પડી રહેલી એક સમયની રાષ્ટ્રવ્યાપી પાર્ટી કાળક્રમે પરિવારવાદ, જૂથવાદ અને પ્રમાદ ઉપરાંત સત્તાકાળ દરમિયાન આચરેલા ભ્રષ્ટાચારને લીધે સડી ગઈ છે. એનો આ સડો કેટલાક બૌદ્ધિકો અગ્રણીઓને તો ક્યારેનોય નજરે ચડેલો છે પરંતુ ચોખ્ખી વાત કરવા જાય તો તરત પેલા સંજય ઝાની જેમ હડે હડે કરી તગેડી મૂકવામાં આવે. આખરે આવા સમજણા આગેવાનોએ પણ મોઢા પર માસ્ક નહીં બલકે જલંધરનું તાળું લગાવી બેસી રહેવું પડે છે કારણ કે એમને સાંસદ પદ બચાવવું છે, ભવિષ્યમાં પાર્ટી સત્તા પર આવે તો પ્રધાનપદું પણ મેળવવું છે. એ માટે અંતરાત્માનો અવાજ દબાવીને એ બધા 'ભાથીજીના ભાલે ભાલો' વાળી આપણી દેશી કહેવત મુજબ લોલે લોલ કરતા રહે છે. સોનિયા ગાંધીની ઉપાદેયતા ક્યારનીય ખતમ થઈ ચૂકી છે. સીતારામ કેસરી અને નરસિંહ રાવના જમાનામાં એમની ઉપાદેયતા હતી - કારણ કે રાજીવ ગાંધી અને ઈંદિરા ગાંધીના કહેવાતા 'બલિદાન' ને એમના હાથમાં પાર્ટીની લગામ સુપરત કરી વટાવી શકાય એમ હતી. એથી પ્રભાવહીન સીતારામ કેરીને રાતોરાત હાંસિયે ધકેલી દઈ સોનિયા ગાંધીને પાર્ટીની કમાન સોંપાઈ હતી અને મૃતપ્રાય કોંગ્રેસમાં નવા પ્રાણ ફૂંકાયા હતા. સોનિયા વિદેશી મૂળનાં મહિલા હોવા છતાં એમણે પરિશ્રમપૂર્ક હિંદી શીખી લીધી હતી. વળી ભારતીય પરિવેશમાં અને એના ધર્મસંસ્કારોમાં, પોતે કેથોલિક ખ્રિસ્તી હોવા છતાં ગંગાજીમાં ડૂબકી મારી આવવામાં કે હવનહોમમાં બેસવામાં એમને છોછ નહોતો અનુભવ્યો. પોતે જાણે ખ્રિસ્તી છોડી હિંદુ ધર્મ અપનાવી લીધો હોય એવો આભાસ ઊભો કરી એ દેશના બહુમતી મતદારોમાં આદરપાત્ર બન્યાં હતાં. એક હિંદુ વિધવા જેવી જ સાદાઈથી રહેતાં સોનિયા ગાંધીના નેતૃત્વમાં પાર્ટીએ ગુમાવેલી સત્તા પાછી મેળવી એટલું જ નહીં, પોતે વડાપ્રધાન બની શકે એમ હતાં છતાં તત્કાલીન જનમાનસને પારખી જઈ એમને અર્થશાસ્ત્રી ડૉ. મનમોહન સિંહ જેવા તજજ્ઞ અને સ્વચ્છ ઈમેજ ધરાવતા મહાનુભાવને વડાપ્રધાન પદે નીમ્યા હતા. મનમોહનસિંહ પાસે ભારતને વૈશ્વિક ઓળખ ઉપલબ્ધ કરાવવાની દીર્ઘદૃષ્ટિ જરૂર હતી પરંતુ એમની પાસે પોતાનો મતવિસ્તાર નહોતો. એથી એમને સતત સોનિયા ગાંધી અને એમના રાજકીય સલાહકાર અહમદ પટેલના સૂચન મુજબ સરકાર ચલાવવી પડી. ગાડું બે ટર્મ સુધી તો ગબડ્યું પરંતુ દરમિયાન સોનિયા ગાંધી એમના લાડકવાયા પુત્રને રાજ્યાભિષેક કરાવવા ઉતાવળાં થયાં જે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ત્રણ ત્રણ ટર્મની હેટ્રિક લગાવનાર પાયાના દેશની આગેવાન અને પ્રખર હિંદુત્વવાદી નેતા સામે કોઈ પણ માપદંડથી ટકી શકે એમ નહોતા. રાહુલ ગાંધીએ ડૉ. મનમોહનસિંહના નેતૃત્વ હેઠળ મંત્રી તરીકે તાલીમ લીધી હોત તો કદાચ એમની કાર્યકુશળતાનો હિસાબ પણ આપી શક્યા હોત. પરંતુ એમને સત્તાવર્તુળથી બહાર રહીને પોતાની માતાની જેમ સત્તા ચલાવવાનો સહેલો વિકલ્પ સ્વીકારી લીધો. સંગઠન મજબૂત કરવાના એમના ઈરાદા વિશે શંકા ન કરવી જોઈએ, પણ કોંગ્રેસના પાયાના કાર્યકરોને એક જ પરિવારની ગુલામી કઠવા લાગી હતી. જો કે વિરોધના સૂર દબાવી દેવાતો હતો અને અનુકૂળ મુઠ્ઠીભર ગાંધી પરિવારના વફાદારોને જ આગળ ધરવાનો સિલસિલો ચાલુ રહ્યો હતો. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી બેઉ મોદીના પ્રભાવશાળી નેતૃત્વ સામે વામણાં પુરવાર થયા અને કોંગ્રેસ એમના નેતૃત્વ હેઠળ અધિકૃત વિપક્ષનું સ્થાન પણ બચાવી ન શકી, રાહુલ ગાંધી એમની પરંપરાગત, પારિવારિક બેઠક પરથી સાવ જ બહારની ટીવી અભિનેત્રી સામે હારી ગયા એ એમના નેતૃત્વ સામેની મોદીની સૌથી મોટી લપડાક હતી. છેલ્લી લોકસભાની ચૂંટણીમાં કારમી હાર પછી પ્રમુખ પદેથી રાજીનામું આપી દેનાર રાહુલ ગાંધીને ફરીથી પાર્ટીની કમાન સોંપવાથી તો ઊલટાની પાર્ટી વધુ નબળી જ પડશે. પરંતુ ગાંધી પરિવારના ખુશામતખોરો, જેમાં કોંગ્રેસી મુખ્યમંત્રીઓ પણ સામેલ છે - એ તો એમને જ આગળ કરવા પ્રયાસ કરશે. સોનિયા ગાંધી અને નવાં સવાં નેતા બનેલાં પ્રિયંકા ગાંધી પણ પાર્ટીની બાગડોર પરિવારના હસ્તક જ રહે એમ ઈચ્છવાનાં. આવા સંજોગોમાં શશી થરુર કે કપિલ સિબ્બલ જેવા સ્પષ્ટ વક્તાઓની કડવી વાતનો સ્વીકાર કોણ કરશે ? કોંગ્રેસને ખરેખર જનસમર્થન ધરાવતા 'ડાઉન ટુ અર્થ' પાયાના નેતૃત્વની જરૂર છે, પણ એવો નેતા દીવો લઈને શોધવા નીકળતાં પણ જડવો મુશ્કેલ છે. આથી 'સામૂહિક નેતૃત્વ'ની થિયરી જ વધુ ઉપકારક લેખાશે.

મુકેશજીના ગીતોના અજવાળા જયારે એમના સ્વરના ગીતો સાંભળું ત્યારે રેલાય...

અજવાળું - અજવાળું
તુષાર જોશી

નીલે ગગલ કે તલે... ગીત માટે મહેન્દ્ર કપૂરને ફિલ્મફેર પુરસ્કાર મળ્યો તો એક સિનિયર ગાયકે એમના ઘરે જઈને અભિનંદન આપ્યા હતા. લગા મંગેશકર કરતાં એ ઉંમરમાં અને કારકિર્દીમાં મોટા હતા તો પણ કાયમ લતા દીદી જ કહેતા.

મહાન ક્રિકેટર એમ એસ ધોની જયારે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી વિદાય લે છે ત્યારે એક વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં મૂકે છે, એમાં સ્વર છે એ ગાયકનો....

હા... વાત છે મુકેશજીની.... મૂળનામ મુકેશચંદ્ર માથુર, પણ પુરી દુનિયા એમને મુકેશના નામે ઓળખે છે. ત્રણેક દાયકા શ્રોતાઓના હૃદય પર છવાયેલા રહ્યા જયારે જીવીત હતા... ડેટ્રોઈટમાં અવસાન થયું એ પછી પણ એ એટલા જ છવાયેલા છે. શ્રોતાઓના હૃદયમાં તારીખ ૨૭મી ઓગસ્ટ એમણે આ ધરતી પર અંતિમ શ્વાસ લીધો, એ ઘટનાને આજે ૪૪ વર્ષ થયા... પરંતુ મુકેશના ચાહકો વધતા રહ્યા.. એના ગીતોની લોકપ્રિયતા પણ વધતી રહી. મુકેશજીના ગીતોને સ્ટેજ શોમાં રજૂ કરનારા ગાયક કલાકારોને પણ આજે લોકો એટલો જ પ્રેમ આપે છે. એના મૂળમાં મુકેશીના ગીતોની અદાયગી - બંદિશ - શબ્દો અને મુકેશજીનું વ્યક્તિત્વ છે. અવાજમાં જેટલી મધુરતા હતી એટલી જ મધુરતા એમના સ્વભાવમાં પણ હતી.

બાળપણમાં એમના બહેન સુંદરપ્યારીને સંગીત શીખવવા આવતા શિક્ષકે મુકેશનું ગાયન ક્ષેત્રે હીર પારખ્યું... ધોરણ દસ સુધી ભણ્યા અને પારિવારિક સ્વજન ગાયક - અભિનેતા મોતીલાલની આંગળી ઝાલીને મુંબઈ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો. ૧૯૪૧માં ફિલ્મ નિર્દોષ માટે પાર્શ્વગાયનનો આરંભ કર્યો. પરંતુ ઓળખ તો થઈ ૧૯૪૫ની સાલના દિલ જલતા હૈ તો જલને દે ગીતથી.... એ પછી સદાબહાર ગીતોની યાત્રા અવિરત ચાલુ રહી.

માનવીય સંબંધોના - લાગણીના વિવિધ સ્વરુપો, ફિલોસોફી - ધર્મ - દેશપ્રેમ - દર્દ - વિરહ - પ્રેમ... કેટકેટલા ભાવોથી શોભિત ગીતો એમને આપણને અદ્‌ભૂત વિરાસતમાં આપ્યા છે. આજની યુવાપેઢીને અરિજીતસીંઘ - નેહા કક્કડ કે હની સિંગમાં પોતાનો અવાજ પડઘાતો લાગે એમ ૫૦થી ૭૦ના સમયમાં યુવાોને મુકેશમાં પોતાનો આવાજ સંભળાતો હતો... રાજકપૂરને હીરો તરીકે પણ મહત્ત્વનો હિસ્સો રહ્યો છે. એચએમવી માટે શ્રી તુલસીદાસજી રચિત રામચરિત માનસની ૮ એલપી રેકોર્ડસમાં પણ એમનો ભાવપૂર્ણ સ્વર ભક્તિમય રીતે જોડાયો.

ગુજરાતી ભાષામાં એમણે ગાયેલા ફિલ્મી - ગેરફિલ્મી ગીતોની યાદીમાંથી થોડાનું આચમન કરીએ, સજન મારી પ્રીતડી, આવો તોય સારું, આવો રે ઓ ચીતડું... નૈને નૈન મળે જયાં, હરિ હળવે હળવે... પંખીડાને આ પીંજરું... મૈત્રી ભાવનું, અને ભાંગતી રાતે કે લોંગડ્રાઈવમાં સાંભળવા ગમે એવા હિંદી ગીતોમાં કઈ બાર યું ભી દેખા હૈ, એક પ્યાર કા નગમા હૈ, ચાંદ સી મહેબૂબા, સજનવા બૈરી હો ગયે, વો તેરે પ્યાર કા ગમ, સબકુછ સીખા હમને, મોટા બાગે તમામ ગીતકારો - સંગીતકારો - અભિનેતાઓ માટે ગાયું....

દર્દ - હતાશા - નિરાશા - જેવા પ્રેમીઓના હૃદયના ભાવોને સીધી સાધી રીતે - એવી સરળતાથી ગીતોમાં એમણે રજૂ કર્યા કે સાંભળનાર જો દુઃખી હોય, પ્રેમના વિરહમાં હોય તો એને એવું જ લાગે કે આ ગીતોમાં તો મારી જ વાત કહેવામાં આવી છે.

સંગીતના અભ્યાસુઓ કહે છે કે મુકેશમાં મહંમદ રફી જેવો સ્વરોનો વિસ્તાર, મન્નાડે જેવા પાકા સુર અને કિશોર કુમાર જેવી મસ્તી ન હતી છતાં એ જ કાલખંડમાં શ્રેષ્ઠ ગાયક બન્યા કારણ કે એમના અવાજમાં મૌલિકતા અને સહજતા હતી,જે ગાતા એ દિલથી ગાતા.... અભ્યાસુઓ કહે છે કે ગાયકની સાર્થકતા, એના ગીતો સાથે શ્રોતા ઓતપ્રોત થાય ને ગીતો ગાવા માંડે એમાં છે... મુકેશજી એ રીતે સાર્થક હતા.

મુકેશજીના ગીતો રજૂ કરનારા કલાકારો ડૉ. કલમેશ આવત્સથી, મુન્નાર શાહ, સલીમ મલીક, રાજેન્દ્ર ઓઝા, કેતન આવત્સથી, રાજેશ વૈષ્ણવ તથા અન્ય સાથે કોમ્પેર તરીકે મુકેશજીના વ્યક્તિત્વના મીઠા સંભારણાથી સભર થવાય, એમના ગીતોના અજવાળા જયારે જયારે એમના સ્વરના ગીતો સાંભળું ત્યારે રેલાય...

હે પ્રભુ ! મારા ખભા મજબૂત કર

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

એક દૃશ્ય - મસમોટું ટોળું વર્તુળાકારે જામ્યું હોય વચ્ચોવચ્ચ મદારી, સાપને રમાડતો હોય, તે જોવા માટે જામેલા ટોળાના પાછલા ભાગે એક માણસ તેના બાળકની આંગળી પકડીને સુપેરે ખેલ જોતો હોય, પરંતુ સાવ ઓછી ઊંચાઈ ધરાવતું બાળક તે ન જોઈ શકવાથી અકળાતું હોય, 'પપ્પા મારે પણ જોવું છે.' આ કાલા, મીઠા શબ્દો પપ્પાના કાને પડે એટલે પપ્પા તેને ઊંચું કરીને ખભે બેસાડે. વચ્ચે ચાલતા ખેલની કુતૂહલતા કે વિસ્મયતા જોવા કરતાં વધારે આનંદ બાળકને એ હોય છે કે પોતે પપ્પાને ખભે ચડીને ઊંચાઈ પરથી કશુંક જોઈ શકે છે, આવો ભાવ જ તેને હર્ષના ઉદ્‌ગાર કાઢવા પ્રેરે છે.

બીજું દૃશ્ય માતા-પિતા સાથે આંગળી પકડીને મંદિરે જતું બાળક, બીજા સ્ત્રી-પુરષને ઊંચે ટાંગેલો ઘંટ વગાડતા જુએ છે મમ્મીનો સાડીને છેડો કે પપ્પાનું શર્ટ ખેંચીને ઘંટનાદ કરવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરે છે. મમ્મી કે પપ્પા તેને ઊંચકીને ઘંટ પાસે પહોંચાડે છે ત્યારે અવર્ણનીય આનંદ અનુભવતું બાળક ઘંટ વગાડે છે. આ ક્રિયા પેઢી દર પેઢી ચાલ્યા કરે છે. મમ્મી કે પપ્પાને ખભે ચઢીને મંદિરનો ઘંટ વગાડતું બાળક બીજા વિસેક વર્ષ પછી આ જ ઘટનાને પુનરાવર્તિત કરે છે, પોતાના બાળકને ખભે બેસાડીને તેની પાસે ઘંટનાદ કરાવે છે.

આજે પરિસ્થિતિમાં બદલાવ છે. મા-બાપ તેમના બાળકને, કમરે, છાતીએ કે ખભે તેડવાનું પસંદજ કરતા નથી, આવું મારું માનવું છે ! બાળકને કેડે ઊંચકીને ફરવું તે કદાચ પછાતપણું મનાવા લાગ્યું છે, સ્ત્રીઓ મોંઘા ભાવના ડ્રેસ અને સાડી બગડી ન જાય, ચીંતરા ચૂંથાઈ ન જાય એ માટે પોતાના બાળકને એ એવી રીતે ઉપાડે છે કે જાડે કચરાની ડોલને ઉકરડામાં ફેંકવા ન જતા હોય ! અને એથી પણ આગળ વધી માવરુઓ તો આ જવાબદારી આયાને જ સોંપે છે, હવે વળી આપણે ૨૧મી સદીના માનવો બાબાગાડીમાં જ બાબા કે બેબીને ધકેલીએ છીએ અને આથી જ બાળકો એમની વ્હાલસોયી માના શરીરની હૂંફ અને મમતાના સીધા સંપર્કથી વંચિત જ રહી જાય છે.

માતા-પિતાના ખભે ચડીને જેણે બાળપણ નથી વિતાવ્યું એ આખી જિંદગી પાછળ જ રહી જાય છે, જે ઊંચાઈથી દુનિયાને નાનપણથી જોવાની ટેવ ન હોય તે ખતા જ ખાય ને! દુનિયાના દૂષણોનો સામનો કરવાની તાકાત એ બાળપણમાં નથી મેળવી શકતો પછી આખી જિંદગી આશ્રય માટે બીજાના ખભા શોધવામાં પસાર કરી દે છે.

બાળક અને માતાપિતાની વાત બાજુ પર મૂકીએ તો પણ ખભા વ્યક્તિના જીવનમાં મહત્ત્વનો રોલ અદા કરે છે, એક સ્ત્રી પરિવારના બાળકો અને પરિવારની એકસૂત્રતા જાળવવાની ભેખ લઈને ખભા મજબૂત રાખે છે. પુરુષે પરિવારની આર્થિક, સામાજિક સુરક્ષા પુરી પાડવા ખભા મજબૂત રાખવા પડે છે. રખે ને ! માનતા કે રોજ દંડ - બેઠક કરવાથી ખભા મજબૂત બને છે. આજકાલ જિમમાં જઈને છાતી, બાવડાં અને ખભાને વિકસિત કરવાની ફેશન ચાલી છે, ત્યારે એવું પણ બને છે કે કદાવર શરીર સૌષ્ઠવ ધરાવતો વ્યક્તિ એક નાના વાવાઝોડામાં ડગમગી જાય. ખભા મજબૂત ત્યારે બને છે જયારે વ્યક્તિનાં જીવનમાં આવતી તડકી - છાંયડી જુએ, મુશ્કેલીઓનો, નાનાવિધ પ્રશ્નોનો અડગ રહીને સામનો કરે, અને વળી ખભા મજબૂત કરવાની પ્રોસેસનો સમય મર્યાદિત નથી, સમગ્ર જીવન દરમિયાન બનતી સારી-નરસી ઘટનાઓની અસર તમારા પર પડે છે તે દરેકને જોવાનો તમારો દૃષ્ટિકોણ હકારાત્મક રાખો તો, ખભા ઉત્તરોત્તર મજબૂત થવાના જ. વજન ઊંચકવાની તૈયારી જોવે.

મને અબૂંજા સિમેન્ટના વિજ્ઞાપનનું પોસ્ટર યાદ આવે છે, જેમાં એક હિ-મેન તેના બે કદાવર બાહુઓ વચ્ચે સમગ્ર ઈમારતને સમાવી લે છે, મને તેના ખભા અને બાવડાં નાનપણમાં બહુ આકર્ષતા, આજેય આકર્ષણ થાય છે - પણ તેનો ગૂઢાર્થ હું આજે સમજ્યો છું.

દરેક વજને વાત જુદી છે - નિષ્ઠા, પ્રેમ, પ્રામાણિકતા આ બધા બોજ ખભા પર ઊંચકવા અને તેને નિભાવવા એમાં જ જીવનનું સાફલ્ય છે. બોજ ઊંચકવો અને બોજ ઊંચકાવવો એ આપણા જીવનનું અવિભાજ્ય અંગ છે. આપણે બોજ ઊંચકાવવામાં તો શૂરા-પૂરા છીએ પણ બોજ ઊંચકવામાં દાંડાઈ કરીએ છીએ. આપણને મોટા કરવા માટે માતાપિતા આપણો ભાર ખભે નાખી ચાલે છે, અને જરાં પણ ઊંહકાર કર્યા વગર હસતે મોઢે જવાબદારી વહન કરે છે. જયારે આપણો વારો આવે છે, - એ મા-બાપને કાવડમાં બેસાડી ખભે ઊંચકવાનો, ત્યારે આપણે બોજ વેંઢારતા હોઈએ એવો ભાવ અનુભવીએ છીએ. આ તો કેમ ચાલે ? મા-બાપે આપણને ખભે બેસાડ્યા પણ આપણે તો માથે ચડી ગયા.

માનવી જીવનમાં એવી અપેક્ષા રાખતો હોય છે કે કપટી ક્ષણોમાં તેને આશ્વાસન મળી રહે તે માટે એવો ખભો હોય જયાં એ માથું ટેકવીને રડી શકે, હળવો થઈ શકે, પણ જયારે આવો ખભો ન મળે એટલે દુઃખી થઈ જાય, અરે ! શું કામ આવા ધોખા કરવાના ! ગમે તે કરો, મથો, તૂટી જાઓ, માથા પછાડો, કાં ફેર પડવાનો નથી. આપણા કુલી તો આપણે જ બનવાનું છે. આપણો બોજ આપણે નહીં ઉપાડીએ તો કોણ ઉપાડશે?

હે પ્રભુ ! એવી શક્તિ આપો કે હું બધી જવાબદારીઓને ખભે મૂકીને ચાલી શકું, અને તે પણ વળી ટટ્ટાર ક્યાંક વાંચ્યું'તું કે, - પ્રભુ મુશ્કેલી દેવી હોય તો દે, પણ મારા ખભા મજબૂત કર.

- jayuoza@gmail.com
Mo.9898046488

જીવનમાં 'ઉત્સાહ' સૌથી બળવાન તત્વ છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ઉત્સાહ જીવનમાં પાવર હાઉસનું કામ કરે છે. જે વ્યક્તિમાં ઉત્સાહ નથી એ વ્યક્તિ ધાણી ભરેલા કોથળા જેવો હોય છે. બહારથી ખૂબ મોટો લાગે પણ અંદરથી બિલકુલ હલકો અને ખાલી હોય છે. આવા વ્યક્તિને કોઈ કામમાં મોજ નથી આવતી. જે હંમેશા નિરુત્સાહ અને ઉદાસ રહેતા હોય છે એ પોતે ખુશ રહી શકતો નથી કે, બીજા કોઈને પણ આનંદ આપી શકતો નથી.

જીવનમાં કોઈપણ ઉંમરે ઉત્સાહવર્ધક નવી બાબતો શોધી

લેવી જોઈએ. એક જમાનાની કામિયાબ અને લોકપ્રિય અભિનેત્રી વહીદા રહેમાને ૬૫ વર્ષે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરવાનું શરૂં કર્યું. વહીદા રહેમાને અગાઉ ક્યારેય પ્રોફેશ્નલ કેમેરો પકડ્યો ન હતો. ૬૫ વર્ષની ઉંમરે એમણે ફોટોગ્રાફી શીખવાની શરૂઆત કરી. એક નવો શોખ, એક નવી બાબત, એક નવી ઘટનાનો ઉત્સાહ જીવનને નવો વળાંક આપવા માટે પુરતો છે. વહીદા રહેમાને ફોટોગ્રાફીના શોખથી તેમના જીવનને ઉત્સાહ અને ઉમંગથી ભરી દીધું. હવે તો એમના માટે ફોટોગ્રાફી એક 'પેશનલ્લ બની ગઈ છે.

વધતી ઉંમર અને થાકને વહીદાજીએ ફોટોગ્રાફીના શોખના ઉત્સાહના ફુવારા વડે એક ઝાટકામાં અલવિદા કરી દીધો. ભારત, ટાન્ઝાનીયા, કેન્યાના જંગલોમાં ફરીને એમણે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કરી છે. વહીદાજી કહે છે કે, ક્યારેક બે મિનિટમાં અદભૂત નજારો કચકડે કંડારાઈ જતો હોય છે અને ક્યારેક તો કલાકો અને દિવસો સુધી રાહ જોયા પછી પણ સંતોષજનક ક્લિક નથી લાગતી. આજે તો વહીદાજીના આ ઉત્સાહને નવો જ આયામ મળ્યો છે. એમની ફિલ્મો લોકો માણતા એવી જ રીતે આજે એમની તસવીરોનું સોલો પ્રદર્શન લોકો રસપૂર્વક માણી રહ્યાં છે.

મૂળવાત જીવનને ઉત્સાહની ઊર્જાથી ભરી દેવાની છે. ઉત્સાહ સૌથી બળવાન છે. ઉત્સાહી વ્યક્તિ માટે સંસારમાં કોઈપણ બાબત દુર્લભ ક્યારેય નથી હોતી. જયારે જયારે જીવનમાં નિરાશાની પળ આવે છે ત્યારે ઉત્સાહ એક ઔષધિનું કામ કરે છે. જો કોઈ પણ કાર્ય કરવા માટે ઉત્સાહ છે તો દુનિયાની કોઈ તાકાત એ કાર્યના ઉત્કૃષ્ટ પરિણામ આવતા રોકી નહીં શકે. પ્રખર ચિંતક અને લેખક બર્ટાન્ડ રસેલના મતે એક નાનું બાળક દરેક વાતને ઉત્સાહ અને ઉમંગપૂર્વક લેતુ હોય છે. એટલે એના માટે આખો સંસાર એક આનંદસભર આશ્ચર્ય જેવો હોય છે. બાળક હંમેશા ઉત્સાહ સાથે સતત તમામ બાબતોને જિજ્ઞાસા સાથે જ્ઞાન મેળવવાની દિશામાં આગળ વધતું જોવા મળતું હોય છે.

માણસનું મન જુદા જુદા સંસ્કારોના સમૂહથી ઠસોઠસ હોય છે. આ સંસ્કારો સ્વભાવ બની જતા હોય છે. પછી ધીમે ધીમે વ્યક્તિ સ્વભાવ-આદતોની પોટલી બની જતો હોય છે. મનમાં પડેલા સંસ્કારો સ્વભાવમાં પરિવર્તિત થાય એ પહેલાં એમાં 'ઉત્સાહ'ના ઈન્જેકશન આપી દેવા પડે. ઉત્સાહ અને ઉમંગ ભરીને કાર્ય શરૂ કરવામાં આવે પછી એ કાર્ય પૂરુ થાય ત્યારે ધાર્યું પરિણામ મળે અથવા ન પણ મળે. જયારે ધાર્યું પરિણામ ન મળે ત્યારે હતોત્સાહ બની નિરાશાના અંધકારમાં જવાની બદલે ઉત્સાહના પાવર થોડો વધારી દેવામાં સાર છે. ઉત્સાહ સાથે શરૂ કરેલા કાર્યનો અંત સાનુકૂળ ન આવે ત્યારે હતોત્સાહ અને નિરાશાની હવાને પ્રવેશવાના દ્વાર જડબેસલાક રીતે બંધ કરી દેવા જોઈએ.

નિરુત્સાહને આસપાસ ફરકવા પણ ન દેવાય. નિરાશા ઉર્જાતંત્રને બેસુરુ બનાવવાનો આ સૌથી મોટો અંતરાય છે. આ મનઃસ્થિતિ તમારું મન કોઈપણ કાર્યમાં લાગવા જ નહીં દે. ઉત્સાહ વગર કરવામાં આવેલા કોઈપણ કાર્યમાં ભલીવાર હોતો નથી. ઉત્સાહી વ્યક્તિનું જીવન પ્રેરણાદાયી હોય છે. ઉત્સાહી વ્યક્તિ સડસડાટ આગળ વધતો હોય છે. નિરુત્સાહી વલણ અવરોધક બળ છે. ઉત્સાહી એપ્રોચ પ્રગતિનો માર્ગ આસાન બનાવી દેતો હોય છે.

કોઈ પણ બાબતમાં વિશ્વાસ અને ઉત્સાહ જીવનને જીવવા લાયક બનાવી દે છે. ખરેખર તો ઉત્સાહ એક અલૌકિક શાંતિનું સ્વરૂપ માત્ર છે. ઉત્સાહી બનવાનો સાદો નિયમ છે કે, કોઈપણ કામને હૃદયપૂર્વક આનંદથી કરવું. જે વ્યક્તિના હૃદયમાં ઉત્સાહ ભરેલો હોય એ વ્યક્તિ ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ હિંમત નથી હારતો. કોઈપણ કામ કરવામાં, આનંદીત રહેવામાં કે સંકટોનો સામનો કરવામાં ઉત્સાહ ક્યારેય નથી હોતો, પરંતુ ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓનો હલ નિકાળી પ્રસન્ન રહેવામાં અને કામ કરતા રહેવામાં ઉત્સાહ સમાયેલો હોય છે.

બધાને એક અનુભવ અવશ્ય થયો હશે કે, જે વ્યક્તિમાં ઉત્સાહનો અભાવ હોય છે એના મિત્રો પણ દુશ્મન બની જતા હોય છે. જે વ્યક્તિ ઉત્સાહથી ભરેલો હોય તેના શત્રુ પણ હસતા મોંએ એના મિત્રો બની જતા હોય છે. ઉત્સાહ વગર ક્યારેય કોઈ મોટા લક્ષ્ય હાંસલ થઈ શકતા નથી. ઉત્સાહસભર સ્વભાવ બનાવવા માટે ગાંભિર્યને દૂર કરી ઉત્સાહમાં રહેવાનું ખોટું નાટક પણ તમને ઉત્સાહિત કરી દેશે. જીવનને એટલા ઉત્સાહથી ભરી દેવું જોઈએ કે ગમે એટલી નિરાશાઓની આંધી આવે તો પણ છાતી ઠોકીને દરેક તકલીફો ઉપર હસતા મોંએ વિજય મળી જાય છે.

ધબકાર :

જીવનનો ઉદ્દેશ ખુશ રહેવામાં અને બીજાને ખુશી આપવામાં છે.